# સાબરકાંઠા, અરવલ્લીનો આરોગ્ય વિભાગ કોરોના સામે બહારવટે ચઢ્યું

## દિપાવલી સુધીમાં ૧૮ વર્ષથી ઉપરના તમામને કોરોના રસીના બે ડોઝ આપવાનું અભિયાન..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨ કોરોનાની બીજી લહેરની ઝપેટમાં ભારતમાં કેસમાં ઉછાળો આવ્યો છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોટા મેળાવડામાં જમણવાર અટકાવવા માટે સૂચના આપવામાં આવી છે. તા.૧ એપ્રિલથી ૪૫ વર્ષથી વધુની ઉંમરના લોકોને કોરોના વેક્સિન લેવા માટે આહવાન કરવામાં આવ્યું ત્યારે બંન્ને જિલ્લાના ૧૪ તાલુકાઓમાં નિર્ધારીત સ્થળે મોટી સંખ્યામાં લોકો કોરોના રસીકરણ માટે જોવા મળ્યા. અત્યાર સુધી કોરોના વેક્સિનેશનમાં ફ્રન્ટલાઈન વોરિયર્સ તેમજ ગંભીર બિમારીવાળા લોકોનો સમાવેશ થયો હતો પરંતુ ગુરૂવારથી ૪૫ વર્ષથી વધુની ઉંમરના તમામને મફત વેક્સિનેશન આપવાની શરૂઆત થતાં આરોગ્ય વિભાગ અને સરકારની મુહીમ કોરોના સામે કારગત નિવડે તેવું ચિત્ર ઉપસ્યું છે. એક રીતે બંન્ને જિલ્લાનું આરોગ્ય વિભાગ કોરોના સામે બહારવટે ચઢ્યું હોય તેવું ચિત્ર જોવા મળ્યું. પ્રજામાં પણ કોરોનાના સંક્રમણથી બચવા રસીકરણ યોગ્ય વિકલ્પ હોવાની સીધી અસર જોવા મળી.




કોરોનાને હરાવવા માટે હવે ખાસ એક્શન પ્લાન સરકાર અને આરોગ્ય વિભાગે અમલી બનાવ્યો છે. બંન્ને જિલ્લાના એકપણ નાગરિક આવનારા દિવસોમાં કોરોના વેક્સિનથી વંચિત ન રહી જાય તેવું લક્ષ્યાંક હોવાની સંભાવના છે. તા.૧ એપ્રિલથી સરકાર દ્વારા કોરોના રસીકરણ અભિયાન શરૂ કર્યું જેમાં ૪૫ વર્ષથી વધુની ઉંમરના દરેક લોકોનું રસીકરણ, રસીકરણ કેન્દ્ર ઉપર ઓળખપત્ર બતાવીને રસી લઈ શકાય તેવી સુવિધા ઉભી કરી અને કોવિશીલ રસીના ૨ ડોઝ વચ્ચે ૨ થી ૪ અઠવાડીયાનું અંતર રાખવાની સૂચના આપી હતી તે સાથે સરકાર અને આરોગ્ય વિભાગે કોરોના રસીકરણ માટે દવા પણ અને કડકાઈ પણ જરૂરી હોવાનું પ્રજાને જણાવી દીધું હતું જે મુજબ બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ભિલોડા, વિજયનગર, પોશીના, ખેડબ્રહ્મા, વડાલી, ઈડર તાલુકાના નિયત કરાયેલા સરકારી દવાખાના, સામૂહીક આરોગ્ય કેન્દ્ર, સરકારી શાળાઓ સહિતના સ્થળોએ સવારથી જ ૪૫ વર્ષથી ઉપરના લોકો રસીકરણ માટે ઉમટ્યા હતા. જાણવા મળ્યા મુજબ ૧૮ વર્ષથી ઉપરના તમામ લોકોને સપ્ટેમ્બર મહિનાના અંત સુધીમાં કોરોના રસીના ૨ ડોઝ મળી જાય તે પ્રકારનું આયોજન થઈ રહ્યું છે. ગુજરાતમાં કોરોના વકરવાનો અને વેક્સિનેશનની નબળી કામગીરી સામે પી.એમ.ઓ.માંથી પણ નારાજગી હોવાની ચર્ચા હતી આ બધું જોતાં તા.૧ એપ્રિલથી શરૂ થયેલું કોરોના વેક્સિન અભિયાન એકંદરે પ્રથમ દિવસ તો સફળ રહ્યું છે તેમ ગણી શકાય. કોરોનાનું સંક્રમણ વધતાં જિલ્લા વહીવટી તંત્ર ચિંતિત છે. પરંતુ વેક્સિનેશનનું પ્રમાણ વધારાતાં આવનારા દિવસોમાં કોરોના સંક્રમણ ઉપર અંશતઃ કાબુ મેળવી શકાય તેવી સંભાવના પણ છે.

# પ્રાંતિજની પોગલુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ત્રણ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત

## ત્રણેય કર્મચારીઓ હોમ કોરોટાઇન થયા : પ્રાંતિજ સહિત તાલુકામા કોરોનાના કેસો છતાંય તંત્રના ચોપડે આંકડાઓ નીલ

પ્રાંતિજ તા.૨ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામા કોરોનાએ ફરી માથુ ઉચકયુ છે ત્યારે પ્રાંતિજ ના પોગલુ આરોગ્ય કેન્દ્ર મા ફરજ બજાવતા સ્ટાફ ના ત્રણ કર્મચારીઓ કોરોના સંક્રમિત થતા ત્રણેય કર્મચારીઓ હોમ કોરોટાઈન થઈ ગયા છે.

દેશ સહિત ગુજરાત અને સાબરકાંઠામા કોરોનાના કેસોમા દિવસે ને દિવસે વધારો થતો જોવા મળ્યો જે ત્યારે સુત્રો માથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ના પોગલુ ખાતે આવેલ પોગલુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા સ્ટાફ ના ત્રણ કર્મચારીઓ કોરોના સંક્રમિત થયા છે અને ત્રણેય કર્મચારીઓ હોમ કોરોટાઈન થયા છે અને પ્રાંતિજ સહિત તાલુકામા કોરોના ના કેસો છતાંય હાલતો તંત્ર ના ચોપડે આંકડાઓ નીલ જોવા મળી રહ્યા છે ત્યારે બીજીબાજુ વેક્સિનેશન ની




કામગીરી પણ પૂરઝડપે ચાલી રહી છે અને તંત્ર દ્વારા લોકો ને રસી લેવા અનુરોધ કરવામા આવી રહ્યો છે ત્યારે બીજી બાજુ કેસો મા પણ એક પછી એક વધારો થતા તંત્ર હજુ વધુ કેસો આવે તેની રાહ જોતુ હોય તેવુ જણાઈ આવેછે અને કોરોના ના વધતા જતા કેસો સામે કોઈ એકશન લેવામા ના આવતી હોય તેવુ હાલ તો સ્પષ્ટ પણે જણાઈ આવે છે અને કેસો આવવા છતાંય તંત્ર ના ચોપડે કેસો ના બતાવવા પાછળ નુ શુ કારણ હશે એ તો તંત્ર જાણે પણ તંત્ર દ્વારા કડક પગલાંઓ નહી ભરવામા નહી આવે તો પછી તબેલે ઢોર છુટયા બાદ તાળુ મારવાનો વાળો આવે તેવો ઘાટ સર્જાય તો નવાઈ નહી.

## સમાચાર રફ્તાર

- ડીએમકેના સુપ્રિમો સ્ટેલીનના જમાઈ અને પુત્ર ઉદયનીધિને ત્યાં ઈન્કમટેક્ષના દરોડા.
- મધ્યપ્રદેશમં ચાર શહેરોમાં ત્રણ દિવસ માટે સંપૂર્ણ લોકડાઉન.
- અમેરિકામાં ગરમીએ ૧૧૧ વર્ષનો રેકોર્ડ તોડ્યો.
- છત્તીસગઢના દુર્ગમાં એક અઠવાડિયાનું સંપૂર્ણ લોકડાઉન જાહેર કરાયુ.
- દિલ્હીમાં લોકડાઉન જાહેર નહી થાય તેવી કેજરીવાલની જાહેરાત.
- કાશ્મીરના પુલવામામાં ચાર આતંકીઓ ઠાર.
- તાઈવાનમાં ટ્રેન પાટા પરથી ઉતરી જતા ૩૬ના મોત.
- પ્રસિદ્ધ ટીવી સીરીયલ અનુપમાની અભિનેત્રી રૂપા ગાંગુલી સહિત પાંચ કોરોના પોઝીટીવ.
- રોબર્ટ વાડરા કોરોનાથી સંક્રમિત થતા પ્રિયંકા ગાંધી હોમ ક્વોરોન્ટાઈન.
- જાણીતા ફિલ્મ અભિનેત્રી આલીયા ભટ્ટ કોરોનાથી સંક્રમિત.
- ભારત બાયોટેકની નાકથી અપાતી રસીના પરીક્ષણની મંજૂરી.
- આસામમાં ભાજપના ઉમેદવારની ગાડીમાંથી ઈવીએમ મળી આવ્યા.
- અમદાવાદમાં ૧૧ વર્ષથી નાના ૬ બાળકોને કોરોના પોઝીટીવ.
- સચિન ટેંડુલકરને ઘનિષ્ઠ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા.

# મોડાસામાં મધ્યરાત્રીએ પોલીસ ચોકી નજીક આવેલી મોબાઈલની દુકાનમાં તસ્કરી

## ૧૫ જુના અને ૪ નવા મોબાઈલ તથા રોકડ રકમ સહિતની ચોરી કરી તસ્કરો રફુચક્કર

બાયડ, હિંમતનગર તા.૦૨ મોડાસા સહિત અરવલ્લી જીલ્લામાં પોલીસ વિભાગના સબ સલામતીના દાવાઓ વચ્ચે કાયદો અને વ્યવસ્થા ખાડી ગઈ હોય એવું પ્રજાજનો અનુભવ કરી રહ્યા છે જિલ્લાના પોલીસ તંત્ર દ્વારા દિવસ તેમજ રાત્રિ દરમિયાન સઘન પેટ્રોલિંગ કરાતું હોવાના પોકળ દાવાઓ વચ્ચે જિલ્લાભરમાં ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપીને તસ્કર ટોળકી પોલીસને પડકાર ફેંકી રહી હોય એવો માહોલ સર્જાવા પામ્યો છે ત્યારે ગત રોજ શુક્રવારે મધ્યરાત્રીએ પોલીસ ચોકીની બિલકુલ નજીકના અંતરે આવેલી મોબાઈલની દુકાનનું તાળુ તોડી તસ્કરોએ નવા - જુના મોબાઈલ સહિત રોકડ રકમની તસ્કરી કરી રફુચક્કર થઈ જતાં શહેરીજનોમાં ભય સાથે ફફડાટની માહોલ ઉભો થવા પામ્યો છે

સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર મોડાસા શહેરના ભરચક વિસ્તારમાં જોષી લોજના ખાંચામાં આવેલી એક મોબાઈલની દુકાનમાં ગત રોજ શુક્રવારે મધ્યરાત્રીએ તસ્કરોએ ધામા નાખ્યા હતા તસ્કરોએ બેખૌફ પોલીસ સ્ટેશનથી બિલકુલ નજીક આવેલી મોબાઈલની દુકાનનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી ૧૫ જુના અને ૪ નવા મોબાઈલ તથા રોકડ રકમ સહિતની ચોરીને અંજામ આપી તસ્કરો રફુચક્કર થઈ જતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે મધ્યરાત્રીએ પોલીસ ચોકીથી બિલકુલ નજીકના અંતરે મોબાઈલની દુકાનમાં તસ્કરી થઈ હોવાનો મામલો સામે આવતા પોલીસની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ ઉભા થવા પામ્યા છે કોરોના મહામારીની બીજી લહેર વચ્ચે ધંધા-રોજગાર ઠપ્પ થતાં આર્થિક રીતે સંકડામણ અનુભવતા નાના - મોટા વેપારીઓમાં દિનપ્રતિદિન વધતા જતાં ચોરીના બનાવોને લઈને પોલીસની નિષ્ક્રિયતા અંગે ભારોભાર અસંતોષની લાગણી પ્રસરી જવા પામી છે






**ધી ગુજરાત રાજ્ય ફ્રૂટ એન્ડ વેજીટેબલ પ્રોસેસીંગ માર્કેટીંગ ફેડરેશનના ચેરમેન પદે સતિષ પટેલ બિનહરીફ : એમ.ડી. તરીકે રેખાબેન ચૌધરીની વરણી**

ધી ગુજરાત રાજ્ય ફ્રૂટ એન્ડ વેજીટેબલ પ્રોસેસીંગ માર્કેટીંગ ફેડરેશનની પ્રથમ સાધારણ સભા ગાંધીનગરમાં યોજાઈ ગઈ. જેમાં સાબરકાંઠાના સતિષભાઈ હરીભાઈ પટેલ (મેસણ)ની ચેરમેન તરીકે અને મહેસાણાના રેખાબેન ચૌધરીની એમ.ડી. તરીકે બિનહરીફ વરણી થતાં ઉત્તર ગુજરાતમાં ખુશાલી જોવા મળી છે. સાધારણ સભા ગુજકો માસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણીની અધ્યક્ષતામાં તેમજ ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણભાઈ વોરા, સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડ, રાજ્ય સભાના સાંસદ રમીલાબેન બારા, બનાસકાંઠા સાંસદ પરબતભાઈ પટેલ, અમૂલ ફેડરેશનના ચેરમેન શામળભાઈ પટેલ વગેરેની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

# બાયડ પાલિકા વિસ્તારમાં કન્યા શાળા નજીક વરાંસી નદીના ઝાડી-ઝાંખર દૂર કરાશે

## તિવ્ર દુર્ગંધ અને મચ્છરોનો ત્રાસ, બાળકો-રહીશો માટે અસહ્ય બન્યો

બાયડ તા.૦૨ બાયડ પાલિકામાં ભાજપના સત્તાધિશોએ સ્વચ્છતા અભિયાનને વધુ મહત્વ આપ્યું છે. સ્વચ્છતા હશે તો રોગચાળા ઉપર અંકુશ આવશે. તેવા ઉદ્દેશ્ય સાથે પાલિકા અને વિવિધ વિભાગો એકબીજાના સંકલનમાં કામ કરી રહ્યા છે. બાયડ પાલિકા વિસ્તારના કન્યાશાળા, બળીયાદેવ મંદિર વગેરે વિસ્તારમાં વરાંસી નદીમાં ઉગી નિકળેલા ઝાડી-ઝાંખરથી શાળાના શિક્ષકો, બાળકો, આસપાસની સોસાયટીના રહીશો ત્રાહીમામ બન્યા છે ત્યારે આ તમામને નર્કાગાર સ્થિતિમાંથી બહાર લાવવા ટૂંક સમયમાં જ સ્વચ્છતા અભિયાન શરૂ થવાનું છે.



દરેક નાગરિકનું સ્વપ્ન હોય છે કે મારૂ ગામ, મારૂ શહેર સ્વચ્છ હોય, અગાઉ સ્વચ્છતા અભિયાન હેઠળ સ્પર્ધા યોજાઈ. કેટલીય પાલિકાઓને સ્વચ્છતા અભિયાન હેઠળ રેન્કીંગ આપવામાં આવ્યા પરંતુ રેન્કીંગ મળ્યા પછી આવા પાલિકા વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાનને ગળે ટૂંપો દેવામાં આવ્યો નથી ને..?? તેની દરકાર કોઈએ કરી નથી. કાળઝાળ ઉનાળો વધુ આકરો બની રહ્યો છે. આગામી ચોમાસા દરમ્યાન વરસાદી પાણીનો નિકાલ આસાનીથી થાય અને ગંદા પાણી પણ પ્રજાને ત્રાસદાયક સ્થિતિમાં ન મૂકે તેનાં સુચારૂ આયોજન બાયડ પાલિકા દ્વારા હાથ ઉપર લેવામાં આવ્યાં છે. બાયડ પાલિકા વિસ્તારના આંબેડકર ચોક, બાયડ કન્યા શાળા, બળીયાદેવ મંદિર સુધી આવેલ વરાંસી નદીમાં ઉગી નિકળેલાં વિશાળ ઝાડી-ઝાંખરાંથી આસપાસના રહીશોની ઉંઘ હરામ થઈ રહી છે. ક્યારેક પાણીમાં રહેતા જળચર ઝેરી જાનવર ઘરમાં પ્રવેશી જતા હોય છે. અસહ્ય ગરમીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે જેથી ડેન્ગ્યુ સહિત મેલેરીયાનો રોગચાળો હાવિ થવાનો ભય છે. આ સંજોગોમાં પાલિકા તંત્ર દ્વારા વરાંસી નદીના ઝાડી-ઝાંખર દૂર કરી પ્રજાને ત્રાસદાયક સ્થિતિમાંથી મુક્ત કરવાના પ્રયાસો શરૂ થયા છે.

# ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના અધ્યક્ષ પદે હિતેષ પટેલની નિયુક્તિ



ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા તા.૨ એપ્રિલના રોજ વિવિધ મોરચાના અધ્યક્ષની જાહેરાત થઈ છે જેમાં ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના અધ્યક્ષ તરીકે સાબરકાંઠાના નવાગામના હિતેષભાઈ પટેલની નિયુક્તિ થતાં સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં ખુશાલી છવાઈ છે. સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડ, પ્રાંતિજ ધારાસભ્ય ગજેન્દ્રસિંહ ઝાલા, હિંમતનગર ધારાસભ્ય રાજુભાઈ ચાવડા, જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ જે.ડી.પટેલ, અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ વગેરેએ તેમને અભિનંદન પાઠવ્યા છે.

### ઇડર ધનેશ્વર ડુંગળીની ૫૪ વર્ષીય મહિલાના

# સાવકા પુત્રોએ પાવડા અને હાથના પાયાથી માર મારતા આઠ સામે ફરિયાદ નોંધાઈ

## રોટલી કેમ નથી બનાવી તેમ કહી ગાળો બોલી પાવડાથી અને હાથના પાયાથી માર મારતા પતિ, બે દીકરા, ચાર દીયર દેરાણી સામે ફરિયાદ નોંધાઇ

ઈડર (બ્યુરો ઓફિસ)તા.૨ ઈડર ધનેશ્વર ડુંગરી વિસ્તારમાં રહેતા મને મદીના બેન ના લગ્ન આશરે છ વર્ષ પહેલા શાહબુદ્દીનભાઈ રસુલ ભાઈ લુહાર સાથે થયા હતા શાહબુદ્દીન ભાઈ ના ત્રીજા લગ્ન મનિદા સાથે થયા હતા સાબુદીન ભાઈ ની પહેલી પત્ની સોહરબાનું ના બે દીકરા હતા જેમાં મોટા સદ્દામ અને તેનાથી નાનો ઈમરાન છે. મદીના બેન સાથે રહેતા હતા ૩૧ ૩ ૨૦૨૦ ના રોજ મોદીના બેન જમવાનું બનાવતા હતા ત્યારે સદ્દામ મેં કહ્યું હતું હજુ સુધી રોટલી બની નથી એમ કહી ગાળો બોલી ઝઘડો કર્યો હતો શાહબુદ્દીન ભાઈ એ દીકરો ઉપરાણું લેતા મોદીના બેન ને મારો કહેતા મોટો દીકરો સદ્દામ ઘર માં મોગલ નો પાવડો લઈને જમણા હાથ પર મારી દીધો હતો ત્યારે નાનો દીકરો ઈમરાને મદીના બેનના ડાબા ગાલ ઉપર માથાનો પાયો મારી દીધો હતો મદીના બેન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા ન જાય તે માટે મનીના બેનને ધક્કામુક્કી કરી ગડદાપાટુનો મારમારી રૂમમાં પૂરી દીધા હતા ત્યારબાદ મદીના બે નજર ચૂકવીને હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશન ખાતે જતા રહ્યા હતા મહિલા પોલીસ એ મદીના બેન ને નારી સુરક્ષા કેન્દ્ર માં લઈ ગયા હતા નારી સુરક્ષા કેન્દ્ર અધિકારીઓ દ્વારા મદીના બેન ની સિવિલમાં સારવાર કરાવી ને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે મોકલી આપવામાં આવ્યા હતા મદીના બેનને શારીરિક-માનસિક ત્રાસ આપતા મદીના બેને પોલીસ સ્ટેશનમાં પતિ બે દીકરા અને દિયર દેરાણી ઉપર ફરિયાદ નોંધાવી હતી પોલીસે નોંધી તપાસ હાથ ધરી હતી.

### આમની સામે નોંધાઈ ફરિયાદ

(૧) મુમતાજ બેન સિરાજ ભાઈ રસુલ ભાઈ લુહાર, ઈડર (૨) ઝરીના બેન મનુભાઈ રસુલ ભાઈ લુહાર, હિંમતનગર પાણપુર પાટિયા (૩) મનુભાઈ રસુલ ભાઈ લુહાર, હિંમતનગર પાણપુર પાટિયા (૪) રજિયા બેન ઈકરામ ભાઈ રસુલભાઈ, ગામ ફીચોડ તાલુકો ઈડર (૫) ઈકરામ મભાઈ રસુલ ભાઈ લુહાર, ગામ ફિચોડ ઈડર (૬) ઈમરાન સાબુદીન લુહાર, ધનેશ્વર ડુંગરી ઈડર (૭) સદ્દામ સાબુદીન લુહાર, ધનેશ્વર ડુંગરી ઈડર (૮) સાબુદીન રસુલ લુહાર, ધનેશ્વર ડુંગરી ઈડર

### ગાંધી ૧૦૦ ● ચોથા પાનાનું ચાલુ...

ગાંધી વધુ સ્પષ્ટ કરે છે, આપણી ભાષા - પછી હિંદીની ગમે તે ભાષા હોય તેને ઈંગ્રેજી ભાષા સાથે ઘણો ઓછો સંબંધ છે. પશ્ચિમના સુધારામાં ખીલેલી ભાષાના વિચારો આપણા બાળકોમાં ઠસી જાય એ આપણી પ્રજા, આપણી જાતને આપણા ધર્મ ભૂલવા જેવું બને છે. ઈંગ્રેજી કેળવણી પામેલા હિંદીઓ અમુક હદથી આગળ બીજા હિંદીઓને મદદરૂપ નથી થઈ શકતા એ દોષ બતાવતા તેઓ લખે છે કે તેમનો દોષ કાઢવો તે ખોટું છે. તેઓને તેઓની સ્થિતિએ તેવા બતાવ્યા છે. તેમના દોષ જોવાને બદલે દાખલો જોવાનું ઘટાવતા ગાંધીજી કહે છે માતૃભાષામાં કેળવણી લઈએ અને અંગ્રેજીમાં કેળવણી લેવાની ભૂલ છોડીએ. માતૃભાષાની વકીલાત કરતાં બાપુ પ્રશ્ન તરતો મૂકે છે, આપણી રૂઢીઓ, આપણી કહેવતો, આપણાં કાવ્યો તે બધાંની આપણને ખબર ન હોય, ને આપણે આપણા માણસો ઉપર શી છાપ બેસાડીએ? અને ઘરનું ન કરી શકે તે બહારનું શું કરવાનો હોય? આપણું તો આપણે ભૂલી જઈએ ને બીજાનું સંભાળતાં શાનું આવડે? સાદી ભાષાનો આ લહીયો બહુ સરળતાથી પરભાષા પ્રેમી હિંદીઓ પર ઘા કરે છે. આગળ ચલાવતા કહે છે, એટલે પરિણામે આપણે ધોબીના કૂતરાની સ્થિતિમાં આવી પડીએ - 'ન રહીએ ઘાટના કે ન રહીએ વાટના.' જેટલે દરજ્જે આપણે આપણી ભાષા ભૂલી જઈએ છીએ તેટલે દરજ્જે આપણે ખરી સેવા કરતાં ભૂલીએ છીએ એવો મત વ્યક્ત કરતાં તેઓ સ્પષ્ટ કરે છે લખાણનો હેતુ એવો નથી કે ઈંગ્રેજી ભાષા ન શીખવી. પણ જે ધોરણે અંગ્રેજો ફારસી, સંસ્કૃત વગેરે શીખે છે તે ધોરણે આપણે અંગ્રેજી શીખીએ. આપણી માદરી જબાન પાકી કરીને તેમાં સંપૂર્ણ ઘડાઈને પછી રાજયકર્તાની ભાષા અને અન્ય રીતે ઉપયોગી હોઈ ભલે ઈંગ્રેજી શીખીએ.

### નવા ૫૫ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વીસ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૨૬૦ની આસપાસ હોવાનું તેમજ શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૨૪૦ની આસપાસ હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં પાંચ હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જિલ્લામાં કોરોનાનો ચેપરેટ પણ જે રીતે વધી રહ્યો છે તેણે તંત્રની ચિંતા વધારી છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની કડક અમલવારી માટે સૂચનાઓ આપી છે.

### ૩૬ યાત્રી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ અકસ્માત સરકારી રજાના દિવસે તોરોકો જ્યોર્જ સિનિક વિસ્તાર પાસે શુક્રવારે સવારે નવ વાગ્યાની આસપાસ થયો હતો. હુઆલિયન કાઉન્ટી બચાવ વિભાગના જણાવ્યા અનુસાર ટ્રેન ટનલમાંથી બહાર નીકળતાંની સાથે જ ચટ્ટાન પડી હતી, જેના કારણે પાંચ કોચને સૌથી વધુ નુકસાન પહોંચ્યું હતું. સેન્ટ્રલ ન્યૂઝ એજન્સીની સત્તાવાર વેબસાઈટ પર ઘટનાસ્થળે લોકોએ પોસ્ટ કરેલા ફોટા અને ટીવી ફૂટેજમાં લોકો ટનલના પ્રવેશદ્વારની બહાર ટ્રેનના ડબ્બાના ખુલ્લા ગેટ પર ચઢતા જોવા મળી રહ્યા છે. એક ડબ્બાનો અંદરનો ભાગ સંપૂર્ણ રીતે ઉખડીને બાજૂની સીટ પર આવી પડ્યો છે. આ અકસ્માત ચાર દિવસીય ટોમ્બ સ્વિપિંગ મહોત્સવના પહેલા દિવસે થયો હતો.

### માર્ગ અદ્રશ્ય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આમછતા કોર્પોરેશનના તંત્ર દ્વારા કોઈ કામગીરી હાથ ધરવામાં આવી નથી. સ્માર્ટ સીટીના સે-૬ માં આંતરિક માર્ગોનુ કામ થોડા સમય અગાઉ જ પુર્ણ કરાયુ છે. જયારે સ્ટાર્મ વોટર લાઈન નાંખવાની કામગીરી પણ પુર્ણ કરી દેવામાં આવી છે. પરંતુ હાલમાં સે - ૬ માંથી સે-૫ તરફ જવાનો માર્ગ અદ્રશ્ય થઈ ગયો છે. ડામર માર્ગ પર માટીનુ થર જામી ગયુ છે. જેના લીધે એક સાઈડનો આખો માર્ગ ધુળિયો બની ગયો છે. બિન ઉપયોગી બનેલા આ માર્ગના લીધે હાલ એક સાઈડના માર્ગ પરથી વાહનવ્યવહાર ચાલે છે. જયારે બીજીતરફના ધુળિયા માર્ગના લીધે માર્ગ સલામતી પણ જોખમાઈ છે. આ માર્ગ ની એક સાઈડ પર પાણીનુ જોડાણ હોવાના લીધે આસપાસ રહેતા શ્રમિકો આ ઠેકાણે ન્હાવા ધોવા માટે અડ્ડો જમાવે છે. સેકટર ૬ માં થી સે-૫ તરફ જવાના આ સેકટરના રીંગ રોડનો સ્થાનિકો વિશેષ ઉપયોગ કરે છે. પરંતુ આ સ્થિતિ વચ્ચે માટીના થર પથરાયેલા આ માર્ગ પર વહેતા પાણીના લીધે કાદવ કિચ્ચડ પણ જોવા મળે છે. વરસાદી પાણીના નિકાલની લાઈનુ કામ પુર્ણ થયો તેને પણ ઘણો સમય વિતી ગયો છે. પરંતુ સેકટવાસીઓને આ ખોવાયેલો માર્ગ પાછો મળ્યો નથી. સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીના અંતે ઘણાં ઠેકાણે મોટા ખાડા પડી ગયા હતા જયારે લાંબા સમય બાદ ગાબડા પુરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી જયારે આ કામગીરી પુર્ણ થયાના વર્ષ બાદ પણ હજુ આખો રસ્તાની સફાઈ થઈ નથી જેના લીધે માટીના પોપડાથી ઢંકાયેલા આ માર્ગને ખુલ્લો કરવા માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે.

### બોર્ડની પરીક્ષા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફેરફાર કરવામાં આવ્યો હોવાનો ફેક લેટર સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જે અંગે શિક્ષણ બોર્ડ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે. શિક્ષણ બોર્ડ દ્વારા આ લેટર ફેક ગણાવ્યો છે. શિક્ષણ બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યુ હતુ કે, ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાની તારીખો અંગે કોઈએ બોગસ મેસેજ બનાવીને સોશિયલ મીડિયામાં ફરતો કર્યો છે. પહેલી એપ્રિલનો મેસેજ કરીને વિદ્યાર્થીઓ અને વાલીઓને એપ્રિલ ફૂલ બનાવવાનો પ્રયાસ કરેલ છે. તેમજ ગેરમાર્ગે દોરવાનો નિંદનીય પ્રયાસ કર્યો છે. ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા તેના નિયત કાર્યક્રમ મુજબ ૧૦ એપ્રિલથી ૨૫ એપ્રિલ દરમ્યાન લેવામાં આવશે.

### કર્મી સસ્પેન્ડ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

એ પછી સબંધિત અધિકારીએ રસ્તા પરથી પસાર થઈ રહેલી ગાડીને અટકાવીને હેડક્વાર્ટર સુધી લઈ જવા માટે વિનંતી કરી હતી. તે વખતે મતદાન માટેની ટીમને જાણકારી નહોતી કે તેઓ જે ગાડીમાં લિફ્ટ લઈ રહ્યા છેતે ભાજપના ઉમેદવારની છે. જોકે આ દરમિયાન સ્થાનિક લોકોએ આ દ્રશ્ય જોયુ હતુ અને લોકોએ મતદાન માટેની ટીમને ગાડીમાંથી ઉતારી દીધી હતી. જોકે ઈવીએમ સહી સલામત છે. તેના સીલ પણ તુટયા નથી અને ચૂંટણી પંચ હવે વિસ્તૃત રિપોર્ટની રાહ જોઈ રહ્યુ છે. દરમિયાનમાં આસામના કરીમગંજ ખાતેથી એક બિનવારસી કારમાંથી ઈવીએમ મળી આવવા મામલે ચૂંટણી પંચે જિલ્લા ચૂંટણી અધિકારી પાસેથી એક વિસ્તૃત રિપોર્ટની માંગણી કરી છે. ઈવીએમ મળી આવ્યા બાદ તે વિસ્તારમાં રાજકીય તણાવ વધ્યો છે. કરીમગંજના કનિસૈલ ખાતે એક બોલેરો કારમાંથી ઈવીએમ મળી આવ્યું હતું અને તે ગાડીમાં કોઈ નહોતું. પ્રાથમિક તપાસમાં તે ગાડી પાથરકાંડી ચૂંટણી ક્ષેત્રના ભાજપના ઉમેદવાર કૃષ્ણેંદુ પાલની હોવાનું સામે આવ્યું છે. લોકો દ્વારા કરવામાં આવેલી ફરિયાદ બાદ ચૂંટણી અધિકારીઓ ગાડી પાસે પહોંચ્યા ત્યારે ત્યાં કોઈ મતદાન અધિકારી, ચૂંટણી પંચનો કોઈ કર્મચારી ઉપસ્થિત નહોતો કે બાદમાં પણ તેનું કોઈ દાવેદાર સામે નહોતું આવ્યું.

ગાડીમાંથી ઈવીએમ મળી આવ્યું તેનો વીડિયો પણ ખૂબ વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો સામે આવ્યા બાદ કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ તમામ રાજકીય દળો પાસે ઈવીએમના પુનર્મૂલ્યાંકનની માંગણી કરી છે. પ્રિયંકા ગાંધી વાડ્રાએ ઈવીએમ મેનેજમેન્ટ સામે સવાલ ઉઠાવતી ટ્વીટમાં લખ્યું હતું કે, 'દરેક વખતે ચૂંટણી દરમિયાન ઈવીએમ ખાનગી વાહનોમાં લઈ જવાતા પકડાય તેમાં ઘણી વસ્તુઓ એક સરખી હોય છે, પહેલું કે સામાન્ય રીતે ગાડી ભાજપના કોઈ ઉમેદવાર કે તેમના સહયોગીઓની હોય છે.'

વધુ એક ટ્વીટમાં પ્રિયંકાએ ક્રોનોલોજી સમજાવતા લખ્યું હતું કે, 'આ પ્રકારના વીડિયોને એક ઘટના તરીકે લેવામાં આવે છે અને બાદમાં તેને નકારી દેવામાં આવે છે. આ સાથે જ ભાજપ પોતાના મીડિયા તંત્રનો ઉપયોગ એવા લોકો પર આરોપ લગાવવામાં કરે છે જેઓ ઈવીએમને ખાનગી ગાડીઓમાં લઈ જવાની ઘટના જાહેર કરે છે.' વધુમાં લખ્યું હતું કે, 'તથ્ય એ છે કે, આ પ્રકારની અનેક ઘટનાઓની સૂચના આપવામાં આવે છે અને તે માટે કશું જ નથી કરવામાં આવતું. ચૂંટણી પંચે આવી ફરિયાદોને લઈ નિર્ણાયક કાર્યવાહી કરવાની અને તમામ રાષ્ટ્રીય દળો દ્વારા ઈવીએમ માટે પુનર્મૂલ્યાંકન શરૂ કરવાની જરૂર છે.'

**ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**

મધુર ડેરી, જીઆઈડીસી, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન ૨૩૨૮૭૧૩૪ થી ૩૮

**મધ ખરીદી માટેની ટેન્ડર નોટીસ**

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., મધુર ડેરી, ગાંધીનગરના મધ વિભાગ માટે સંઘની જરૂરિયાત મુજબ તા. ૧૫/૪/૨૦૨૧ થી તા. ૧૪/૪/૨૦૨૨ ના સમયગાળા દરમિયાન મધની જથ્થાબંધ ખરીદી કરવા માટેનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવાનો છે. મધ સપ્લાય કરવા માટે રસ ધરાવતા ઈસમો / સપ્લાયરોએ ઉપરોક્ત સરનામે સંસ્થાના હિસાબી વિભાગમાંથી ટેન્ડર ફોર્મ રૂ. ૧૦૦૦/- (નોન રીફન્ડેબલ) રોકડા ચુકવી તા. ૫/૪/૨૦૨૧ થી ૧૦/૪/૨૦૨૧ના રોજ ૧૬-૦૦ કલાક સુધીમાં મેળવી લેવાના રહેશે. ભરેલ ટેન્ડર ફોર્મ તા. ૧૨/૪/૨૦૨૧ના રોજ ૧૬-૦૦ કલાક સુધીમાં ટેન્ડર સાથે જરૂરી ડોક્યુમેન્ટ અને ટેન્ડર ડિપોઝીટના રૂ. ૨૫૦૦૦/- (રીફન્ડેબલ) 'ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.'ના નામનો ડી.ડી. સાથે રૂબરૂમાં ઉપરોક્ત સ્થળે સીલબંધ કવરમાં પહોંચાડવાના રહેશે. આવેલ ટેન્ડર ઓફર સ્વીકારવી કે ન સ્વીકારવી તેનો અબાધિત અધિકાર સંસ્થાના ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રી